અગત્યનું

ક્રમાંક:/મઉમશબ/સંશોધન/૨૦૧૯/૩૫૪-૩૯૫
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૨૨/૦૧/૨૦૧૯

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય:- ધોરણ-૯માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે પ્રખરતા શોધ કસોટી (TST)ની તારીખ બાબત.

સંદર્ભ:- અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:/મઉમશબ/સંશોધન/૨૦૧૮/૫૨૮૮-૫૩૨૨ તા.૦૩/૧૨/૨૦૧૮

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૯ના વિદ્યાર્થીઓની પ્રતિભા બહાર લાવવા માટે દર વર્ષે ફેબ્રુઆરી માસમાં પ્રખરતા શોધ કસોટી લેવામાં આવે છે. ચાલુ વર્ષે આ કસોટી **તા.૧૧/૦૨/૨૦૧૯** ના રોજ **લેવામાં આવશે.** જેનું સમય પત્રક નીચે મુજબ છે.

| પ્રશ્નપત્ર | વિષય | પ્રશ્નોની સંખ્યા | ગુણ | સમય |
|---|---|---|---|---|
| પ્રશ્નપત્ર- ૧ | ગુજરાતી | ૩૦ | ૩૦ | ૧૧:૦૦ થી ૧:૦૦ |
| | અંગ્રેજી | ૩૦ | ૩૦ | |
| | સામાજિક વિજ્ઞાન | ૩૦ | ૩૦ | |
| | સામાન્ય જ્ઞાન | ૧૦ | ૧૦ | |
| | કુલ | ૧૦૦ | ૧૦૦ | |
| પ્રશ્નપત્ર- ૨ | ગણિત | ૪૦ | ૪૦ | ૨:૦૦ થી ૪:૦૦ |
| | વિજ્ઞાન | ૪૦ | ૪૦ | |
| | માનસિક ક્ષમતા | ૨૦ | ૨૦ | |
| | કુલ | ૧૦૦ | ૧૦૦ | |

પરીક્ષાર્થીઓને ૨૦ મિનીટ પહેલા પરીક્ષા ખંડમાં પ્રવેશ આપવાનો રહેશે. જે સમયગાળા દરમ્યાન ખંડ નિરીક્ષકશ્રીએ પરીક્ષાર્થીઓની હાજરી લેવી,પ્રવેશિકાનું ચેકિંગ કરવું, OMR શીટનું વિતરણ તેમજ OMR શીટ ઉપર ભરવાની જરૂરી વિગતો અંગે પરીક્ષાર્થીઓને માર્ગદર્શન આપવાની કાર્યવાહી કરવાની રહેશે.

ઉપરોક્ત વિગતો આપના તાબાની તમામ માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારૂં મોકલી આપશો.

(બી. એન. રાજગોર)
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

નકલ સવિનય રવાના:-
- માન. અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર.

E:\HK-\TST\પરિપત્ર-TST -તારીખમાં ફેરફાર.docx